# એલિમેન્ટ્રિ (પ્રાથમિક) સ્કૂલમાં EQAO પરીક્ષાઓ

## માતાપિતા માટે માર્ગદર્શિકા

Education Quality and
Accountability Office
EQAO



વાંચન, લેખન અને ગણિત, પ્રાયમરિ ડિવિઝન (Primary Division) (ગ્રેડ 1–3) અને જૂનિયર ડિવિઝન (Junior Division) (ગ્રેડ 4–6)ની આકારણીઓ

પ્રાથમિક સ્કૂલમાં વિદ્યાર્થીઓ બે EQAO પરીક્ષાઓ આપે છે અને તમારા બાળકની મદદ માટે આ પરિણામોનો તમે કેવી રીતે ઉપયોગ કરી શકો છો તે સમજવા માટે આ બ્રોશર તમારી મદદ કરશે.

ઑન્ટારિયોમાં વિદ્યાર્થીઓ તેમના વાંચન, લેખન અને ગણિતની કુશળતાઓની પ્રાન્તીય-વિસ્તૃત આકારણીઓ આપે છે અને તે તેમના પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલ શિક્ષણના મહત્ત્વના તબક્કાઓ પર હોય છે.

**ગ્રેડ 3** — **પ્રાથમિક વિભાગના અંતે વાંચન લેખન અને ગણિતની પરીક્ષા થાય છે**

**ગ્રેડ 6** — **જૂનિયર વિભાગના અંતે વાંચન લેખન અને ગણિતની પરીક્ષા થાય છે**

**ગ્રેડ 9** — **માધ્યમિક સ્કૂલના પહેલા વર્ષમાં ગણિતની પરીક્ષા થાય છે**

**ગ્રેડ 10** — **ગ્રેજ્યુએશનની જરૂરત માટે લિટરસિ (વાંચન લેખનની આવડત)ની પરીક્ષા થાય છે**

આ પરિક્ષાઓનો વહીવટ Education Quality and Accountability Office (EQAO), મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશનની સૌથી નજીકની બ્રાન્ચ એજન્સિ કરે છે.

## વાંચન, લેખન અને ગણિત, પ્રાયમરિ ડિવિઝન (ગ્રેડ 1-3) અને જૂનિયર ડિવિઝન (ગ્રેડ 4-6) ની આકારણી વિષે

- પ્રાથમિક-વિભાગની આકારણી વિદ્યાર્થીઓની વાંચન, લેખન, અને ગણિતની કુળળતાઓનું પરીક્ષણ કરે છે, જેને ગ્રેડ 3ના અંતે શીખી લીધી હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.
- જૂનિયર-વિભાગની આકારણી વિદ્યાર્થીઓની વાંચન, લેખન, અને ગણિતની કુશળતાઓનું પરીક્ષણ કરે છે, જેને ગ્રેડ 6ના અંતે શીખી લીધી હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.
- આ પરિક્ષાઓ મે મહિનાની છેવટે અને જૂનની શરૂઆતમાં, આ બે-અઠવાડિયાના સમય દરમ્યાન થાય છે. પ્રત્યેક સ્કૂલ આ સમય દરમ્યાન પરીક્ષાઓની નિશ્ચિત તારીખો નક્કી કરે છે.

ઑન્ટારિયોના પ્રાન્તીય-વિસ્તૃત પરીક્ષાના કાર્યક્રમની આ બે પહેલી આકારણીઓ હોય છે. પ્રાન્તીય ધોરણ સંબંધિત તમારા બાળકની સિદ્ધિપ્રાપ્તિ માટે તે મહત્ત્વની માહિતી આપે છે.

## શું મારા બાળકે EQAO પરીક્ષાઓ આપવાની હોય છે?

બધા વિદ્યાર્થીઓ જે ઑન્ટારિયોની જાહેર ભંડોળ મેળવતી સ્કૂલોમાં ભણતા હોય છે અને જે *ઑન્ટારિયો કરિક્યુલમ* (*The Ontario Curriculum*) ને અનુસરતા હોય છે તેમણે EQAO ની પ્રાન્તીય આકારણીઓમાં ભાગ લેવાનો હોય છે. આ પરીક્ષાઓ પ્રાન્તના શિક્ષણના કાર્યક્રમનો હિસ્સો હોય છે.

જે વિદ્યાર્થીઓને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરતો હોય તેમના માટે નિયમિત ક્લાસરૂમ આકારણી પદ્ધતિઓ સાથે સુસંગત હોય તેવી જોગવાઈઓની પરવાનગી મળે છે. ઈંગ્લિશ ભાષા શીખનારાઓ માટે પણ વિશિષ્ટ જોગવાઈઓની છૂટ આપવામાં આવી શકાય છે. જો કોઈ વિદ્યાર્થી પરીક્ષાના થોડા ભાગ કે પૂરી પરીક્ષા આપવા માટે ભાગ લઈ ન શકે—જોગવાઈઓ સાથે પણ—તો સ્કૂલ સ્ટાફ અને માતાપિતા અથવા વાલીઓની સાથે સલાહમસલત કરી પ્રિંસિપાલ તે વિદ્યાર્થીને છૂટછાટ આપી શકે છે.

## EQAO પરીક્ષાઓમાં શું હોય છે?

પ્રત્યેક પ્રશ્ન જે EQAO પરીક્ષાઓમાં હોય છે તેનો આધાર આના પર રહે છે *ઑન્ટારિયોઓ કરિક્યુલમ*, જે વિદ્યાર્થીઓને દરરોજ ઑન્ટારિયોના ક્લાસરૂમમાં શીખવાડવામાં આવે છે.



## શું મારા બાળકે પરીક્ષાઓ માટે અધ્યયન કરવું પડે છે?

EQAO પરીક્ષાઓ પૂરી રીતે *ઑન્ટારિયોઓ કરિક્યુલમ* પર આધારિત હોય છે, જે બધા ક્લાસરૂમના શિક્ષણનો સ્રોત છે, એટલે આ પરીક્ષાઓ માટે વિશિષ્ટ તૈયારીની જરૂરત રહેતી નથી. EQAO ની પ્રાથમિક પરીક્ષાઓ આ બાબતોને માપે છે

- જુદી જુદી ટેક્સ્ટમાં જે તેઓ વાંચે છે તેને તે બધા સમજી શકે છે;
- લેખનમાં તેમના વિચારોને વ્યક્ત કરી શકે છે અને તે માટે યોગ્ય વ્યાકરણ, શબ્દની જોડણી અને વિરામચિહ્નનો ઉપયોગ કરી શકે છે અને
- સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ગણિતની યોગ્ય કુશળતાઓનો ઉપયોગ કરી શકે છે.

આ પાયારૂપી લિટરસિ (વાંચન લેખન) અને ગણિતની કુશળતાઓને પૂરા સ્કૂલના વર્ષ દરમ્યાન શીખવાડી શકાય છે અને શીખવાડવી જોઈએ અને તેને બધા વિષયોમાં યોગ્ય રીતે લાગુ કરવી જોઈએ.

## પરીક્ષાઓ લખવા માટે હું મારા બાળકની કઈ રીતે મદદ કરી શકું છું?

સૌથી ઉત્તમ રીત તમારા બાળકને પરીક્ષાઓ લખવામાં મદદ આપવાની તે છે કે, તેની સ્કૂલમાં મળતી સફળતાને પૂરા વર્ષ દરમ્યાન તમારે ટેકો આપવો જોઈએ. www.eqao.com માં આપેલા પરીક્ષાના મટીરિયલનો ઉપયોગ કરી તમે તમારા બાળકની, પ્રાન્તીય પરીક્ષાઓની ફૉર્મેટ અને કયા પ્રકારના પ્રશ્નો આવે છે, તેની સાથે પરિચિત થવામાં મદદ કરી શકો છો.

## EQAO ના પરિણામો ક્યારે અને કેવી રીતે જાહેર કરવામાં આવે છે?

આગળ આવતા સ્કૂલના વર્ષમાં સપ્ટેમ્બર મહિનામાં પરિણામો જાહેર કરવામાં આવે છે. તમારા બાળકને EQAO નો વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ (Individual Student Report), અથવા ISR તેની સ્કૂલ તરફથી સીધી રીતે મળશે.

## EQAO પરિણામોનો રિપોર્ટ કેવી રીતે થાય છે?

પ્રાન્તીય સિદ્ધિપ્રાપ્તિના ચાર સ્તરો પ્રમાણે EQAO પરિણામોનો રિપોર્ટ થાય છે. બાળકની પ્રગતિનું મૂલ્યાંકન કરવા શિક્ષકો ક્લાસરૂમ અને રિપોર્ટ કાર્ડ પર જે સ્તરોનો ઉપયોગ કરે છે તે જ પ્રમાણે આના સ્તર હોય છે. પ્રાન્તીય ધોરણ લેવલ 3 છે, જે B– થી B+ સમાન હોય છે.

## શું EQAO ના પરિણામોની ગણતરી મારા બાળકની ગ્રેડ સાથે થાય છે?

પ્રાન્તીય પરીક્ષાઓના પરિણામોની ગણતરી વિદ્યાર્થીની ગ્રેડ સાથે થતી નથી. તે વધારાની માહિતી આપે છે, અને રિપોર્ટ કાર્ડની ગ્રેડ સાથે તેના પર વિચાર કરવામાં આવે છે. આ રીતે તમારું બાળક શું શીખી રહ્યું છે તેની આકારણી કરવામાં અને તેને મદદ આપવામાં સહાયતા મળી રહે છે.

## મારા બાળક માટે EQAO પરિણામો શું જણાવે છે?

પ્રાન્તીય ધોરણ પ્રમાણે તમારા બાળકની સિદ્દિધપ્રાપ્તિને EQAO પરીક્ષાના પરિણામો મહત્ત્વપૂર્ણ રીતે સૂચવે છે. (લેવલ 3 અને 4)નું ધોરણ જે પણ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સંતોષે છે અથવા તેની આગળ નીકળી જાય છે તેમણે તેમના અત્યારના શિક્ષણના તબક્કાના વાંચન લેખન અને ગણિતના જ્ઞાન અને કુશળતાઓને બધી રીતે અથવા મોટા ભાગે બતાવી દીધી હોય છે.

EQAO ડેટા (માહિતી) બતાવે છે કે, શરૂઆતની ગ્રેડમાં પ્રાન્તીય ધોરણને સંતોષી લેવાય તો એ સેકંડરિ સ્કૂલ માટે લિટરસિ (વાંચન લેખન) અને ગણિતની સિદ્દિધપ્રાપ્તિ માટે મહત્ત્વપૂર્ણ આગાહી કરે છે. જો તમારું બાળક ગ્રેડ 3 અથવા ગ્રેડ 6 ના ધોરણ માટે લાયક ન બને તો, તમારા બાળકની સફળતાની મદદ માટે વધારે ધ્યાનની જરૂરત પડી શકે છે.

તો પણ, કોઈ પણ એક જ પરીક્ષા, તમારા બાળકે કઈ વસ્તુઓ શીખી છે તેનું સંપૂર્ણ ચિત્ર આપી નહીં શકે. વિદ્યાર્થીની કુશળતાઓ અને જ્ઞાનની સંપૂર્ણ રેંજની આકારણી કરવાનો માર્ગ છે કે, EQAO પરીક્ષાના પરિણામોને સિદ્દિધપ્રાપ્તિની બીજી માહિતી જેવી કે, રિપોર્ટ કાર્ડ ગ્રેડ અને ક્લાસરૂમ આકારણીના પરિણામોની પડખે ધ્યાનમાં લેવામાં આવે.

## હું પરિણામોનો અતિઉત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકું છું?

તમારા બાળકના EQAO પરિણામો સાથે સૌથી વધારે મહત્ત્વપૂર્ણ વાત છે કે, તેના શિક્ષક સાથે તે માટે ચર્ચાવિચારણા કરો અને તમારા બાળકની સમાવેશક પ્રગતિ સાથે તે કેવો સંબંધ ધરાવે છે તે ધ્યાનમાં લો.

તમે ચર્ચાવિચારણા કરવા માંગી શકો છો

- EQAO પરિણામો અને તમારા બાળકના અત્યારના ક્લાસરૂમના કાર્ય વચ્ચે કોઈ અનુકરણ છે કે નહીં;
- કશી કુશળતાઓ વધારે ધ્યાન માંગે છે અને
- તમે કેવી રીતે સાથે કાર્યકરી શકો છો જેને લીધે ખાતરી થાય કે, તમારું બાળક તેની શક્તિની શક્યતાને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી શકે.

## ઑન્ટારિયો શા માટે પ્રાન્તીય-વિસ્તૃત પરીક્ષાઓ લે છે?

ઑન્ટારિયોની પ્રાન્તીય-વિસ્તૃત પરીક્ષાઓ એક લક્ષિત અને વિશ્વસનીય ધોરણ આપે છે જેને લીધે જાણકારી મળે છે કે, *ઑન્ટારિયો કરિક્યુલમ* માં સ્પષ્ટ કરેલી શિક્ષણની વાંચન, લેખન અને ગણિતની કુશળતાઓનું વિદ્યાર્થીઓને કેવું જ્ઞાન મળી રહ્યું છે. આ પરીક્ષાઓ મદદ આપે છે

- પ્રત્યેક બાળકની પ્રાથમિકથી માધ્યમિક સ્કૂળ સુધીની સિદ્દિધપ્રાપ્તિ બતાવતી રહે છે;
- સ્કૂલ, બોર્ડ અને પ્રાન્તીય સ્તરો પર વિદ્યાર્થીના શિક્ષણના વલણને બતાવે છે;
- કરિક્યુલમના ક્ષેત્રો, જે ધ્યાન માંગતા હોય છે, તેમને ચીંધે છે અને
- જાહેર શિક્ષણની પદ્દ્ધતિની જવાબદારીને મજબૂત બનાવે છે.

## ક્લાસરૂમ પરીક્ષાઓ ઉપરાંત EQAO પરીક્ષાઓની જરૂરત શા માટે રહે છે?

EQAO પરીક્ષાઓ અને ક્લાસરૂમ પરીક્ષાઓના જુદાજુદા લક્ષ્યો હોય છે અને જુદીજુદી માહિતી આપે છે.

### ક્લાસરૂમ પરીક્ષાઓ

- વિદ્યાર્થીઓએ નિશ્ચિત માહિતીને કેટલી સારી રીતે શીખી છે તેને માપે છે;
- ઝડપી પરિણામો આપે છે જેનો ઉપયોગ શિક્ષકો શિક્ષણમાં ફેરફાર લાવવા માટે કરે છે;
- વ્યક્તિગત વિભાગો ધરાવી શકે છે, જેનો આધાર પ્રત્યેક વિદ્યાર્થી માટેની શિક્ષકની જાણકારી પર રહે છે, અને
- પરિણામો આપે છે જેની સ્કૂલ, બોર્ડ અથવા પ્રાન્ત સાથે સરખામણી કરી શકાય તેમ હોતી નથી.

### EQAO પરીક્ષાઓ

- પ્રાન્તીય ધોરણ પ્રમાણે વિદ્યાર્થીના વધેલા જ્ઞાનને અને કુશળતાઓને માપે છે;
- વિદ્યાર્થીના શિક્ષણના મહત્ત્વના તબક્કાઓ પર લેવામાં આવે છે;
- સુસંગત અને વાસ્તવિક રીતે તેમનું સંચાલન થાય છે, ગણતરી અને રિપોર્ટ થાય છે અને
- પરિણામો આપે છે જેમની સરખામણી સ્કૂલ, બોર્ડ અને પ્રાન્તમાં વાર્ષિક રીતે થઈ શકે છે.

EQAO પરીક્ષાના પરિણામોને ક્લાસરૂમ પરીક્ષાના પરિણામો સાથે વિચારવામાં આવે તો પ્રત્યેક વિદ્યાર્થીના શિક્ષણપ્રાપ્તિનું ચિત્ર સંપૂર્ણરૂપે જોવા મળે છે.

વધારે માહિતી માટે www.eqao.comની મુલાકાત લો.

Education Quality and Accountability Office
2 Carlton Street, Suite 1200, Toronto ON  M5B 2M9
1-888-327-7377 | www.eqao.com

© 2011 Queen's Printer for Ontario